પ્રાંતિજ બેંક ઓફ ઈન્ડિયાના કર્મચારીઓની ગ્રાહકો જોડે દાદાગીરી

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વે સ્ટેશન રોડ ઉપર આવેલ બેંક ઓફ ઈંડિયાના કર્મચારીઓની મનમાની સામે આવી છે તો બેંકમાં આવતા ગ્રાહકો સાથે ઉધ્ધત વર્તન કરવામાં આવે છે.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન રોડ ઉપર આવેલ શેઠ પી એન્ડર આર હાઈસ્કુલ સામે આવેલ બેંક ઓફ ઈંડિયાના કર્મચારીઓની મનમાની સામે આવી છે અને બેંકમાં આવતા ગ્રાહકો સાથે ઉધ્ધત વર્તન કરવામાં આવે છે. બેંકમાં અનેકવાર લાઈનો થતા ગ્રાહકો રજુઆતો કરતા બેંક કર્મચારીઓની બેંક ગ્રાહકોને જેમ ફાવે તેમ બોલે છે તો બેંક ગ્રાહકો પાસે ચેક હોવા છતાં બેંકના કર્મચારીઓ કહે છે કે તમને પૈસા નહી મળે જે કરવું હોય તે કરી લેજો



ત્યારે હાલ તો પોતાના પૈસા કે ચેકથી પૈસા લેવા જનાર ગ્રાહકો સામે બેંક કર્મચારીઓની દાદાગીરી પણ સામે આવી છે. ત્યારે આ બેંકમાં અવારનવાર ગ્રાહકો સાથે ખટપટ અને દાદાગીરી સામે આવી છે. ત્યારે તંત્ર દ્વારા આવા પ્રજાના પૈસા નોકરી કરતા કર્મચારીઓ સામે એકશન લેવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે ત્યારે હાલ તો બેંક ઓફ ઈંડિયામાં આવતા ગ્રાહકોને રોજબરોજ બેંક કર્મચારીઓના કડવા અનુભવોને લઈને ગ્રાહકો તોબા તોબા પોકારી ઉઠયા છે. ત્યારે હવે જોવુ એ રહ્યું કે આવા બેંક કર્મચારીઓ સાથે જવાબદાર તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવશે કે કેમ એ તો હવે જોવું રહ્યું.

ગુજરાતમાં બે વર્ષ સુધી ચાલનારા પોષણ અભિયાનનો દાહોદથી પ્રારંભ

આગામી ૩૦, ૩૧ અને ૧ના રોજ રાજ્યની તમામ જિલ્લા પંચાયતો-મહાનગર પાલિકાઓ અને નગરપાલિકા વિસ્તારોમાં પોષણ અભિયાનના કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પોષણ અભિયાન થકી મજબૂત અને સશક્ત ગુજરાતના નિર્માણની નેમ વ્યકત કરી છે. મુખ્યમંત્રીએ સમગ્ર ગુજરાતમાં બે વર્ષ સુધી ચાલનારા પોષણ અભિયાનનો દાહોદથી પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે ભૌતિક વિકાસની દ્રષ્ટિએ ગુજરાત તમામ ક્ષેત્રોમાં નંબર વન છે. હવે માનવ વિકાસની દિશામાં પણ ગુજરાતને અગ્રેસર બનાવવુ છે. વડાપ્રધાને આપેલા સહી પોષણ, દેશ રોશનને ચરિતાર્થ કરવા માટે ગુજરાત પાછી પાની નહી કરે એમ તેમણે આ અભિયાનમાં જોડાવા માટે સમાજને આહ્વાન કરતા ઉમેર્યુ હતું.

પોષણ અભિયાનના સંવાહક એવા ત્રીપલ એ (છછછ) એટલે કે, આંગણવાડી કાર્યકર, આશા વર્કર અને એએનએમ વર્કરને ત્રિવેણી પુરસ્કાર આપવાની

ઘોષણા કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે, આ એક વર્ષ દરમિયાન તમામ બાળકોને સુપોષિત કરનારી આંગણવાડીના કાર્યકરને રૂ. ૧૨ હજાર, તેડાગર બહેનને રૂ. ૬ હજાર, આશા વર્કર અને એએનએમ વર્કરને રૂ. ૧૨-૧૨ હજારનો પુરસ્કાર આપવામાં આવશે. આમ કુલ રૂ. ૪૨ હજારનો પુરસ્કાર આપવામાં આવશે. રાજ્યની તમામ આંગણવાડીને તેમા આવરી લેવામાં આવશે.

મુખ્યમંત્રી રૂપાણીએ આ સંદર્ભમાં ઉમેર્યું કે, ગુજરાતમાંથી કુપોષણને નેસ્તાનાબૂદ કરવા માટે અનેક કદમ ઉઠાવવામાં આવ્યા છે. રાજ્ય સરકારે મહિલા અને બાળ વિકાસ વિભાગને અલાયદો બનાવી તેના બજેટમાં રૂ. ૪૦૦ કરોડમાંથી વધારો કરી રૂ. ૩૦૦૦ કરોડ કરવામાં આવ્યું છે.

તેમણે કહ્યું કે રાજ્ય સરકારે કિશોરી, સગર્ભા માતા, ધાત્રી માતા, બાળક એમ તમામ સ્તરે પોષણ મળી રહે એ માટે યોજનાઓ શરૂ કરી છે અને વ્યવસ્થાઓ વિકાસાવી તેને અમલી બનાવી છે. કિશોરીઓ એને મિયામાંથી મુક્ત થાય એ માટે દવાઓ આપવામાં આવે છે. તેમના માટે પ્રિમિક્સ આહાર આપવામાં આવે છે. કિશોરી ભવિષ્યની માતા છે. જો કિશોરાવસ્થાથી જ કુપોષણ નાબૂદ થઈ જાય તો તે તંદુરસ્ત બાળકને જન્મ આપી શકે છે.

મહેસાણા જિલ્લામાં કલા મહાકુંભનો પ્રારંભ

મહેસાણા, તા. ૨૩

રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા મહેસાણા ખાતે જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ-૨૦૧૯-૨૦બનાસકાંઠા લોકસભા વિસ્તારના આરોગ્ય સાંસદ પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મહેસાણા તાલુકાના મેવડ શૈક્ષણિક સંસ્થા ખાતે યોજવામાં આવ્યો. તેમની સાથે જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણી, અગ્રણી ધીરેનભાઈ ચૌધરી સહિત મહાનુભાવો જોડાયા હતા.

૬ થી ૬૦ વર્ષના વયજૂથના સ્પર્ધકો સાહિત્ય વિભાગના નિબંધ લેખન, કાવ્ય લેખન, ગઝલ, શાયરી, લોકવાર્તા, દુહાઈ, છંદ, ચોપાઈ, એમ છ કૃતિમાં ભાગ લીધો. જ્યારે કલા વિભાગમાં સર્જનાત્મક કામગીરીમાં કલા કસબ યજમાવી રહ્યા છે. જ્યારે સાંસ્કૃતિક વિભાગની કુલ ૨૮ કૃતિઓ જેમ કે લોકનૃત્ય, રાસ, ગરબા, સુગમ સંગીત, શાસ્ત્રીય સંગીત, ભરતનાટ્યમ, કથક, કૂચીપૂડી, ઓડીસી, વગેરેમાં ૬૫૦ કરતા વધારે સ્પર્ધકો કલામાં ભાગ લઈ રહ્યા છે.

આ દિવસીય કલા મહાકુંભ-૨૦૧૯-૨૦માં વિજેતા સ્પર્ધકો રાજ્યકક્ષાએ ભાગ લેવા જશે. આ પ્રસંગે કલા-કુંભ-૨૦૧૯-૨૦માં બનાસકાંઠા લોકસભા વિભાગના સાંસદ પરબતભાઈ પટેલ તાલુકાકક્ષાએ વિજેતા થયેલા અને ભાગ લઈ રહેલા સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત રહેલાને જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિના જતન અને સંવર્ધન માટે આ પ્રકારના કલા મહાકુંભ જેવા રાજ્ય સરકારના આયોજન થકી કળાઓને પીછાણવાની તક પુરી પાડે છે.

શહેરમાં આજે ઘ-૪ પાસે સ્થિત ફેડબેન્ક ફાયનાન્સીયલ સર્વિસીસ લી દ્વારા ફાસ્ટ ગોલ્ડ લોનની બ્રાન્ચ શરૂ કરવામાં આવી હતી. આ બ્રાન્ચનુ ઉદઘાટન ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘરના હસ્તે કરવામાં આવ્યુ હતુ. આવ્યુ હતુ. દિપ પ્રાગટ્ય પ્રસંગે ડેપ્યુટી મેયર નાઝાભાઈ તેમજ મેનેજર પરેશ મકવાણા પણ હાજર રહ્યા હતા. આ અંગે ઉપસ્થિત સૌ કોઈને ગોલ્ડ લોન અંગે માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યુ હતુ.

સાબરકાંઠા જિલ્લામાં 'બેટી બચાવો, બેટી પઢાઓ'ના અભિયાનનો પ્રારંભ

૨૦ થી ૨૬ જાન્યુ. સપ્તાહ દરમિયાન 'બેટી બચાવો, બેટી પઢાઓ'ના સંદર્ભે વિવિધ કાર્યક્રમોનું આયોજન

હિંમતનગર, તા. ૨૨

સમાજમાં દિકરા-દીકરીઓ વચ્ચે સતુલન જળવાય, સ્ત્રી ભ્રુણ હત્યા અટકે તેમજ કન્યા કેળવણી શિક્ષણમાં વધારો થાય તેવા અનેક હેતુઓ સાથે પ્રતિ વર્ષે તા.૨૪ જાન્યુઆરીના 'નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

જેના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લાની મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા તા.૨૦થી ૨૬ જાન્યુ. દરમિયાન 'બેટી બચાવો, બેટી પઢાઓ' અભિયાન સંદર્ભે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. જે ઉજવણીના પ્રથમ દિવસે જિલ્લા કલેક્ટર સી.જે. પટેલે હસ્તાક્ષર કરીને 'બેટી બચાવો, બેટી પઢાઓ'ના અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા સમાહર્તા દ્વારા માર્ગદર્શક સૂચનો કરવામાં આવ્યા હતા જેમાં તેમણે જણાવ્યું હતું કે આ માત્ર ઉજવણી જ નહિ પરંતુ પરિણામલક્ષી અને પ્રેરણાદારી કાર્ય થવું જોઈએ.''બેટી બચાવો, બેટી પઢાઓ'' સાત દિવસ સુધી ચાલનારા આ કાર્યક્રમ દરમિયાન જિલ્લાના અંતરિયાળ તેમજ જ્યાં દિકરીઓની સંખ્યા ઓછી છે તેવા વિસ્તારોમાં ખાસ જાગૃતિ કાર્યક્ર્મો થવા જોઈએ. આ સાથે કિશોરીઓને યોગ્ય અને પોષણક્ષમ આહાર મળે તેમજ એનેમિકની સમસ્યાનુ નિવારણ પણ શાળાકક્ષાએ જ થાય જેથી ભવિષ્યમાં થનારી સમસ્યાઓ નિવારી શકાય જેવા સુચનો અમલીકરણ અધિકારીઓને કર્યા હતા.

આ સપ્તાહની ઉજવણી અંતર્ગત શાળાઓમાં ચિત્ર સ્પર્ધાઓ, રેલીઓ, ડોર ટુ ડોર કેમ્પેઈન, કોમ્યુનિટી મિટિંગો, મહિલા સભા, ગ્રામ સભાઓ વગેરે જેવી પ્રવૃતિઓ વિવિધ સ્થળે યોજીને નાગરિકોને 'બેટી બચાવો, બેટી પઢાઓ' અભિયાનમાં સામેલ કરી જાગૃત્ત કરવામાં આવશે.

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગે ગાંધીનગર જિલ્લાની મુલાકાત લઈ સમીક્ષા બેઠક યોજી

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતની મુલાકાતે આવેલ કેન્દ્રીય સફાઈ કર્મચારી આયોગે મનહર ઝાલાની અધ્યક્ષતામાં ગાંધીનગરની મુલાકાત લઈ સફાઈ કર્મચારીઓને સાંભળ્યા બાદ સમીક્ષા બેઠક યોજી હતી.

અધ્યક્ષ મનોહર ઝાલાએ જિલ્લાના અધિકારીઓની સમિક્ષા બેઠકને સંબોધતા જણાવ્યું કે, સફાઈના કામોના ટેન્ડરો અન્ય એજન્સીઓ મેળવે છે. અને તેમને પૂરેપુરું વેતન તેમજ સુવિધાઓ ન મળતાં તેમનું શોષણ થઈ રહ્યું છે. જેથી સફાઈના કામોના ટેન્ડરોમાં વાલ્મિકી સમાજની સંસ્થાઓને અગ્રતા આપવા અનુરોધ કર્યો હતો.

ઝાલાએ જણાવ્યું કે વર્ષોથી સફાઈનું કામ તેમના પૂર્વજોએ કર્યુ છે. હવે સફાઈ કામના અદ્યતન સાધનો આવવાથી અન્ય એજન્સીઓ કામ મેળવે છે. સફાઈનું કામ વાલ્મિકી સમાજના વ્યક્તિઓ કરે છે. જેથી તેમને સૂત્ર કે શરમનો પ્રશ્ન રહ્યો નથી. જેથી તેમને અપાતું કામ સુંદર રીતે થશે.

અધ્યક્ષ ઝાલાએ સફાઈ કર્મચારીઓને પૂરેપૂરા સાધનો આપવા તથા સફાઈ કામ કરતી વખતે થયેલ મૃત્યુના કિસ્સાઓની સમિક્ષા કરી તેમને પૂરતું વળતર મળ્યુ છે કે નહી તેની સમીક્ષા કરી હતી. એમ.એસ એક્ટ- ૨૦૧૩નો અસરકારક અમલ કરવા જણાવ્યું હતું.

સફાઈ કર્મચારી ગામ-શહેર અને નગરને સ્વચ્છ તથા સુંદર રાખવાનું મહત્વનું કામ કરતાં હોઈ તેમને સન્માનથી જોવા જોઈએ. આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નીચે બેસી સફાઈ કર્મચારીને ખુરશીમાં બેસાડી તેમના પગ ધોઈને તેમનું સન્માન કર્યું હતું. અધ્યક્ષે મહિલા સફાઈ કર્મચારીને મેટરનીટી રજા મંજૂર કરવા તથા પોતાના બાળકોને શાળાએ મોકલી શકે તે માટે શાળાના સમય પહેલા એકાદ કલાકનો સમય આપવો કે જેથી વાલ્મિકી સમાજના બાળકો શાળાએ જઈ શકે.

તેમણે સફાઈ કર્મચારીઓની નિયમિત રીતે આયોગ ચકાસણી અને સારવાર થાય તથા ગંભીર રોગોની સારવારમાં સુપર સ્પેશ્યાલીટી સારવાર મળે તે માટે પણ તાકીદ કરી હતી.

નવી દિલ્હી ખાતે યોજાયેલ નૈસર્ગિક ગેસ ક્ષેત્રમાં ઉભરતી તકો અંગેના રાષ્ટ્રીય સેમીનારમાં ગુજરાત રાજ્યના સીજીડી પોલીસી ડ્રાફ્ટ અને સ્ટેટ ડોઝીયરનુ લોકાર્પણ કેન્દ્રિય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને ગુજરાતના ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલે કર્યુ હતુ.

સ્વાસ્થ્ય માટે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવવા આ કોન્ફરન્સ મહત્વની સાબિત થશે.

આ પ્રસંગે ઈંછના અધ્યક્ષ ડૉ. હેમંત પટેલે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતુ કે, રેડિયોલોજી ક્ષેત્રની આ કોન્ફરન્સ વિશ્વની નંબર વન કોન્ફરન્સ બની રહેશે. ઈંછ એ રેડિયોલોજી-સોનોગ્રાફી ક્ષેત્રે મેળવેલા રિસર્ચ સહિતના એચિવમેન્ટ્સ વિશે જણાવીને શ્રી પટેલે ઉમેર્યુ હતુ કે, ભારતભરમાં ઈંછનાં એક પણ રેડિયોલોજીસ્ટ સભ્ય જાતિ પરિક્ષણના દુષણ સાથે સંકળાયેલા નથી તે જાહેર કરતા હું ગર્વ અનુભવુ છું.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે રેડિયોલોજી ક્ષેત્રે કરેલી શ્રેષ્ઠ કામગીરી બદલ વિવિધ તજજ્ઞોને 'પ્રેસિડેન્ટ એપ્રિશિએશન એવોર્ડ' આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે ઈંછના નવા પ્રમુખ તરીકે ડૉ. દિપક પાટકરની નિમણૂંક કરવામાં આવી હતી.

મહાત્મા મંદિર ખાતે યોજાયેલ એશિયન રેડિયોલોજી ફોરમ અને ઈંછ ૨૦૨૦ની ૭૩મી વાર્ષિક કોન્ફરન્સમાં જાપાન, હોંગકોંગ, નેપાળ, બાંગ્લાદેશ, શ્રીલંકા જેવા એશિયન દેશોની સાથે સાથે અમેરિકા, ઈંગ્લેન્ડ, જર્મની, ઓમાન જેવા દેશો પણ ભાગ લઈ રહ્યા છે.

પ્રતિનિધિમંડળ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર તાલુકાની શાહપુર પ્રાથમિક શાળાની મુલાકાત લીધી. જેમાં તેમણે શાળાના સંપૂર્ણ બિલ્ડીંગનું ઝીણવટભર્યુ અવલોકન કર્યુ. જેમાં આપત્તિ વ્યવસ્થાપન મુજબ કઈ કી જગ્યાએ વિદ્યાર્થીઓ માટે જોખમ રહેલુ છે તે માટે કયા ઉપાયો કરી શકાય તે અંગે માર્ગદર્શન અને માહિતી આપી. તમામ દેશના પ્રતિનિધિઓએ તમામ વર્ગખંડ અને કોમ્પ્યુટર લેબ તેમજ શાળાના સ્માર્ટ ક્લાસની પણ મુલાકાત લીધી. સાર્કના સભ્યો દ્વારા શાળાના વિદ્યાર્થીઓ અને શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિ સાથે પણ વાર્તાલાપ કર્યો અને શાળા અને વિદ્યાર્થીઓની વધુ સલામતી માટે કેવી વ્યવસ્થા કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું.

માની જશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુખ્યમંત્રીએ કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, સરકાર ગંભીરતા સાથે કામોના નિવારણ માટે પ્રયાસો કરતી હોય તેમછતાં જો કોઈ પ્રશ્ન કે સમસ્યા આવી હશે તે મુદ્દે સમાધાનના પ્રયાસો ચાલુ છે પરંતુ તેમાં કોંગ્રેસે હરખાવાની કે દખલગીરીની કોઈ જરૂર નથી. ધારાસભ્યોના કે પ્રજાના કામો કરવામાં સરકાર ગંભીર રહેતી હોય છે કયારેક કોઈ સમસ્યા સર્જાય તે સ્વાભાવિક છે પરંતુ કોંગ્રેસે ભાજપના આ આંતિરક મામલામાં હરખાવાની જરૂર નથી, કોંગ્રેસના કેટલા ધારાસભ્યો લાઈનમાં છે તે કહેવાની મારે જરૂર નથી. સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે ધારાસભ્યપદેથી રાજીનામું આપતા ભાજપામાં ભૂકંપ સર્જાયો છે અને કેતન ઈનામદારના સમર્થનમાં સાવલી તાલુકામાં એક પછી એક ૩૦૦થી વધુ ભાજપના હોદ્દેદારો અને અગ્રણીઓએ રાજીનામાં આપી દેતા વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ દિલુભા ચુડાસમા સાવલી ખાતે દોડી ગયા હતા. જ્યાં પત્રકારો સાથેની વાતચીતમાં તેઓએ જણાવ્યું કે, હું જિલ્લા ભાજપના પ્રમુખના હોદ્દાના ભાગરૂપે સાવલી આવ્યો છે. પ્રદેશના નેતાઓની કેતનભાઈ સાથે વાતચીત ચાલી રહી છે. હું ઈચ્છું છું કે, કેતનભાઈ ઈમાનદાર સહિત ભાજપાના તમામ હોદ્દેદારો, અગ્રણીઓ અને કાર્યકરો સાથે રહે છે. આ સમગ્ર પ્રશ્નનો સમાધાનકારી સુખદ ઉકેલ આવી જશે તેવી તેમણે આશા વ્યકત કરી હતી.

ટેલીમેડિસિન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રોગ્રેસ ડેટા રહેશે. જેનાથી દર્દીને તો મદદ રહેશે પણ સમાજને પણ મદદ થશે.

રોગનું ડોક્યુમેન્ટેશન, ટ્રેન્ડ એનાલિસિસથી ટ્રીટમેન્ટ ઓપ્શન મળી શકે છે. રોગ કેટલા પ્રમાણમાં છે, કેટલો વધી રહ્યો છે, નવા ઉપકરણોથી રોગની શુ હાલત થઈ રહી છે એ બધુ મેનેજ કરી શકીએ છીએ.

ભારતની ડિજિટલ કનેક્ટિવિટી, ૨૦૧૪માં ૧૫ ટકાથી વધીને ૨૦૩૪માં ૮૦ ટકાની પહોંચવાની અપેક્ષા છે, ગ્રામીણ ઈન્ટરનેટ વપરાશકર્તાઓ વાર્ષિક ૫૮ ટકા જેટલા વધારા સાથે.

ડૉ. તેજલ દલાલે ૨૧ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ મેરીયોટ, અમદાવાદ દ્વારા કોર્ટયાર્ડ ખાતે આયોજીત LIFE SCIENCES & HEALTH CARE INNOVATION FORUM (LHIF) માં ભાગ લીધો હતો. અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન ઓફ હેલ્થકેર એન્ડ લાઈફ સાયન્સ ગુજરાત પરિપ્રેક્ષ્ય પર પોતાના વિચારો શેર કર્યા હતા. સરકારના ઉત્તેજનથી ફાયદો થશે. ડાયાબિટીક રેટિનોપથી, બ્રેસ્ટ કેન્સર જેવા રોગો માટે ટેલિ મેડિસિન ખુબ સરસ કામ કરી રહ્યું છે. તેજ આઈ સેન્ટર સરકારના આરોય અને કુટુંબ કલ્યાણ વિભાગ સાથે ટેલિ મેડિસિનનો ઉપયોગ કરીને ડાયાબિટીક રેટિનોપેથી (ડીઆર)ની તપાસ કરી રહી છે ગુજરાતભરમાં ગ્રામીણ અને શહેરી વસ્તી માટે ડીઆર સ્ક્રિનિંગમાં નોંધપાત્ર લક્ષ્યો પર પહોંચી રહી છે.

પોલીસ ચોકી માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જયારે આ અંગે એસ ટી નિગમે ડેપોને ગેટ નં -૨ પાસે જગ્યા ફાળવવા પણ તૈયારી દર્શાવી હોવાછતા હજુ સુધી પોલીસ પહેરો ગોઠવાયો નથી. ડેપો સંકુલમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે છેલ્લા એક દાયકાથી પ્રબળ રજુઆતો થઈ રહી છે. આમછતા મુસાફરો ખુલ્લેઆમ લુંટાય છે. પરંતુ પોલીસ ચોકી શરૂ કરવા માટે કોઈ ગતિવિધિ હાથ ધરાતી નથી ડેપો મેનેજર કક્ષાએથી પણ આ અંગે અનેકવાર પોલીસતંત્રને રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી. અગાઉ પણ આ અંગે અનેકવાર રજુઆતો કરવામાં આવી છે. બે દિવસ અગાઉ જ અઢી લાખના દાગીના ભરેલુ મહીલાનુ પર્સ સેરવીને ગઠીયાઓ પલાયન થઈ ગયા હતા. જયારે રોજબરોજ ખિસ્સા કાતરુઓ પણ હાથ અજમાવી લે છે. આવા સંજોગોમાં પાટનગરમાં વિવિધ શહેરોમાંથી આવતા મુલાકાતીઓની સલામતીના મુદ્દે તંત્ર બેધ્યાન છે. પાટનગરના ડેપોમાં જ ગઠીયાઓ અતિથિ દેવોની ભાવના સાથે મુસાફરોના ખિસ્સા ખાલી કરી સ્વાગત કરે છે. આવા સંજોગોમાં પોલીસ તંત્ર પણ નિરસતા દાખવે છે. ડેપોમાં મુસાફરોની સલામતીના મુદ્દે પોલીસે જાગૃત થવાની અનિવાર્યતા છે. નગરના ધારાસભ્ય તેમજ મેયરે પણ આ મામલે આમ નાગરિકોને તસ્કરોની ચુંગાલમાંથી મુક્ત કરાવવા તેમજ ડેપો સંકુલમાં મુસાફરોની સલામતી જોખમાય નહી તેવુ આયોજન કરવુ જોઈએ તેવો સુર પણ ઉઠવા પામ્યો છે.

આત્મસમર્પણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કદાજ ભારતના ઈતિહાસમાં આ એક મોટી ઘટના હશે જેમાં એક સાથે ૬૦૦ કરતાં વધુ આતંકીઓ હથિયારો સાથે શરણે આવીને નવી જિંદગી શરૂ કરવા માંગતા હોય.

ડિસે.૨૦૧૯માં કેન્દ્ર સરકારે નાગરિક્તા કાયદામાં સુધારો કર્યો ત્યારે તેનો સૌ પ્રથમ હિંસક વિરોધ પૂર્વોત્તરના રાજ્ય આસામમાં થયો હતો. જો કે બીજા રાજ્યોમાં વિરોધ વંટોળ ફેલાતા આસામમાં શાંતિ જોવા મળી હતી. તે દરમ્યાન સરકારે વિવિધ ઉગ્રવાદી સંગઠનોના ઉગ્રવાદીઓ શરણાગતિ કરવા માંગે છે એવી આઈબીની માહિતી બાદ પોલીસને તે બાબત ચકાસવા જણાવ્યું હતું. જેમાં સફળતા મળી છે અને કોઈ રાજ્યમાં એક સાથે ૬૦૦ કરતાં વધુ ઉગ્રવાદીઓ સરકારની શરણે આવ્યાં હોય તેને એક મોટી સફળતા જ માનવામાં આવી રહ્યું છે.

અહેવાલ અનુસાર, આસામના ૮ પ્રતિબંધિત સંગઠનોના ૬૪૪ ઉગ્રવાદીઓએ મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલની હાજરીમાં આજે ગુરુવારે આત્મસમર્પણ કર્યું છે. ઉગ્રવાદીઓએ ૧૭૭ હથિયાર પોલીસને જમા કરાવ્યા છે. આસામના ડીજીપી ભાસ્કર જ્યોતિ મહંતે આ વાતનો ખુલાસો કર્યો છે. મહંતે કહ્યું છે કે, આજનો દિવસ આસામ સરકાર અને પોલીસ માટે ખાસ છે.

મહંતે કહ્યું કે આતંકવાદીઓ દ્વારા સોંપાયેલા શસ્ત્રોમાં એકે--૪૭ જેવા ઘણા આધુનિક શસ્ત્રો છે. તેમણે કહ્યું કે આસામ માટે આ ઐતિહાસિક દિવસ છે. તેમણે કહ્યું કે આ આતંકીઓને આસામ પોલીસમાં જગ્યા આપવામાં આવશે. જેથી તેઓ સમાજમાં માનભેર નુ જીવન શરૂ કરી શકે. આ વર્ષે આતંકવાદીઓએ એવા સમયે શરણાગતિ સ્વીકારી છે જ્યારે આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. રાજ્ય ઘણા લાંબા સમયથી બળવાખોરોનો સામનો કરી રહ્યું છે. આ આતંકવાદીઓના શરણાગતિથી શાંતિની આશાઓ સર્જાઈ છે.

સરન્ડર કરનાર સભ્યો યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસામ (ઉલ્ફા), નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (દ્નઢહ્લમ), આરએનએલએફ, કેએલઓ, કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માઓવાદી), નેશનલ સંથાલ લિબરેશન આર્મી (દ્નજીન્છ), આદિવાસી ડ્રેગન ફાઈટર (છઢહ્લ) અને નેશનલ લિબરેશન ફ્રન્ટ ઓફ બંગાળી (દ્નન્હ્લમ)ના સભ્યો છે.

આ મહિનાની શરૂઆતમાં જ દ્નઢહ્લમ્એ સરકાર સાથે તેમનું અભિયાન બંધ કરવા માટે ત્રિપક્ષીય સમજૂતી કરી હતી. સમજૂતી પ્રમાણે દ્નઢહ્લમ મુખ્ય સૂત્રધાર બી. સાઓરાઈગવરા સહિત દરેક ઉગ્રવાદી હિંસક પ્રવૃતિઓ રોકશે અને સરકાર સાથે શાંતિ વાર્તામાં સામેલ થશે. ત્રિપક્ષીય સમજૂતીમાં દ્નઢહ્લમ, કેન્દ્ર સરકાર અને આસામ સરકાર સામેલ હતા. સાઓરાઈગવરાની સાથે દ્નઢહ્લમ્ના ઘણાં સક્રિય સભ્યો ૧૧ જાન્યુઆરીએ મ્યાનમારથી ભારત આવ્યા હતા.

સેવા કરારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને અર્થવ્યવસ્થાને પાટા પર લાવી. જો તે સમયે આ સરકારી ઉપક્રમોનું વિસર્જન કરવામાં આવ્યું હોત, તો તેને યોગ્ય ભાવ મળ્યો ન હોત. તે જ સમયે, તેમણે એર ઈન્ડિયાના ડિસઈન્વેસ્ટમેન્ટ વિશે કહ્યું કે, જો હું પ્રધાન ન હોત તો હું એર ઈન્ડિયા માટે બોલી લગાવી શકત. તેમણે કહ્યું કે એર ઈન્ડિયાના દ્વિપક્ષીય સેવા કરાર ખૂબ સારો છે. જો તે નવા વિમાનને શામેલ કરે છે અને મેનેજમેન્ટને વધુ કાર્યક્ષમ બનાવે છે, તો તે સોનાની ખાણ જેવું છે. માહિતી માટે, અમને જણાવી દઈએ કે દ્વિપક્ષીય હવાઈ સેવામાં બંને દેશો વચ્ચે એક કરાર છે, જે અંતર્ગત બંને દેશો એક બીજાની એરલાઈન્સને નિશ્ચિત સીટ નંબર સાથે ઉડાનની મંજૂરી આપે છે. સૂત્રોના હવાલેથી કહેવામાં આવ્યું છે કે ઉડ્ડયન પ્રધાન હરદીપસિંહ પુરીએ એર ઈન્ડિયા મેનેજમેન્ટને આંતરિક મિકેનિઝમ કમિટીની રચના કરવા કહ્યું હતું, જેમાં મેનેજમેન્ટ અને ટ્રેડ યુનિયનના લોકો શામેલ હશે. આ સમિતિ એર ઈન્ડિયાના ખાનગીકરણને લઈને કર્મચારીઓની સમસ્યાઓનું નિરાકરણ લાવશે. પુરીએ એરલાઈન્સ કર્મચારીઓને ખાતરી આપી હતી કે તેઓને તેમના હક માટે એક-એક રૂપિયા મળશે.

રિમાન્ડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કે તે ત્રણે આતંકીઓને જમ્મુ લઈ ગયો હતો, જ્યાંથી આ ત્રણેય દિલ્હી તરફ ગયા હોત. કારમાંથી દારૂગોળો પણ મળી આવ્યો હતો. આ અગાઉ એનઆઈએએ બુધવારે શ્રીનગરમાં દેવીન્દરના ઘરે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન એજન્સીને ૭.૫ લાખ રૂપિયાની રોકડ, એક નકશો અને કેટલાક સંવેદનશીલ દસ્તાવેજો મળી આવ્યા છે. દેવીન્દર સિંહ સિવાય, એનઆઈએ શ્રીનગરના ગુલશનગર સ્થિત એક ડોક્ટરના ઘરે પણ દરોડો પાડ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, દરોડામાં એજન્સીને કંઈ પણ વાંધાજનક લાગ્યું નથી. આરોપીને હિઝબુલના ત્રણ આતંકવાદીઓ સાથે ધરપકડ કરવામાં આવી હતી. જમ્મુ-કાશ્મીર પોલીસમાંથી બરતરફ કરાયેલા ડીએસપી દેવિંદર સિંહને ૧૧ જાન્યુઆરીએ હિઝબુલ મુજાહિદ્દીનના ત્રણ આતંકવાદીઓ સાથે ધરપકડ કરવામાં આવી હતી. દેવીન્દર ત્રણે આતંકવાદીઓ સાથે કારમાં હાજર હતો. ડીએસપીનો આરોપ છે કે તે ત્રણેયને જમ્મુ લઈ ગયો હતો, જ્યાંથી આ ત્રણેય દિલ્હી તરફ ગયા હોત. કારમાંથી દારૂગોળો પણ મળી આવ્યો હતો. જમ્મુ-કાશ્મીર પોલીસના ડીજીપી દિલબાગ સિંહની ભલામણ પર આ કેસની તપાસ રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) ને સુપરત કરવામાં આવી હતી. એજન્સીએ ૧૮ જાન્યુઆરીએ ડીએસપી અને ધરપકડ કરાયેલા ત્રણ આતંકવાદીઓ સામે તાજો કેસ નોંધ્યો હતો. આ સિવાય ૨૦૦૧ ની સંસદના હુમલામાં ગુપ્તચર એજન્સીઓ પણ દેવીન્દર સિંહની લિંક્સ શોધી રહી છે. વર્ષ ૨૦૧૩ માં સંસદના હુમલાના દોષી અફઝલ ગુરુએ દેવિંદર સિંહે આરોપ લગાવ્યો હતો કે તેણે મને પાકિસ્તાન આતંકવાદી દિલ્હી લઈ જવા માટે દબાણ કર્યું હતું. સંસદના હુમલામાં મોહમ્મદ સહ આરોપી હતો.